રાજ્યમાં કોરોનાના કેસ સર્વોચ્ચ સપાટીએ, નવા ૨૧૯૦ કેસ

રાજ્યમાં ૨૪ કલાકમાં છ વ્યક્તિનું મોત : અત્યાર સુધીમાં કુલ ૨૮૧૭૦૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૬૧૩ કેસ

ગાંધીનગર,તા.૨૬

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કોરોનાના કુલ ૨૧૯૦ કેસ નોંધાયા હતા. બીજી તરફ ૧૪૨૨ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૮૧,૭૦૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો દર ઘટીને ૯૫.૦૭ ટકા પર પહોંચી ચુક્યો છે. અત્યાર સુધીમાં કુલ ૪૦,૮૯,૨૧૭ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૬,૨૫,૧૫૩ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઇ ચુક્યું છે. આ પ્રકારે કુલ ૪૭,૧૪,૩૭૦ લોકોને રસી આપવામાંઆવી છે. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૨,૧૧,૮૬૪ વ્યક્તિઓને રસી આપવામાં આવી છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિમાં રસીની કોઇ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં સતત વકરી રહેલી સ્થિતીને જોતા સમગ્ર રાજ્યમાં ૮૮,૦૯૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૧૯૦ વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. એટલે કે પોઝિટિવિટી રેટ ૨.૪૯ ટકા છે. રાજ્યમાં નવા ૨૧૯૦ નવા કેસ ૧૪૨૨ સાજા થયા. રાજ્યનો રિકવરી રેટ ઘટીને ૯૫.૦૭ ટકા થઇ ચુક્યો છે.

અત્યાર સુધીમાં કુલ ૨,૮૧,૭૦૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં હાલ કુલ ૧૦૧૩૪ કોરોનાના એક્ટિવ કેસ છે. ૮૩ લોકો વેન્ટિલેટર પર છે. ૧૦૦૫૧ લોકો સ્ટેબલ છે. ૨,૮૧,૭૦૭ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪૪૭૯ લોકોનાં અત્યાર સુધી રાજ્યમાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. રાજ્યમાં કોરોનાને કારણે આજે કુલ ૦૬ લોકોનાં મોત નિપજ્યાં છે. જેમાં સુરત કોર્પોરેશનનાં ૪, અમદાવાદ અને રાજકોટ કોર્પોરેશનનાં ૧-૧ વ્યક્તિનો સમાવેશ થાય છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન મારુ શાક તો મોંઘુ હોય જ ને... હું સિનિયર સિટીઝન છું, વેક્સીન લઈને શાક વેચું છું... તમ તમારે શાક ધોયા વગર ખાવ તોય ચિંતા નથી...!!

ગૃહ ઉદ્યોગ દ્વારા સ્વરોજગારીની તાલીમ અપાઈ

ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શનથી ગાંધી ખાદી ગ્રામ ઉદ્યોગના શિક્ષક હિંમતભાઈ વાણિયા દ્વારા ગ્રામભારતી-અમરાપુરના ૫૮ વિદ્યાર્થીઓને સાબુ બનાવવાની, મીણબત્તી બનાવવાની, કાથીના પગલુંછણિયા બનાવવાની તાલીમ આપાઈ હતી. તાલીમ લીધેલા વિદ્યાર્થીઓ ગૃહ ઉદ્યોગ શરૂ કરી સ્વરોજગારી મેળવતાં થાય અને આત્મનિર્ભર બને તે આશયથી રાષ્ટ્રીય સેવા યોજના એકમના અધિકારી રાજેન્દ્રભાઈ મોદીએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કર્મકાંડી બ્રાહ્મણોની ક્રિકેટ ટુર્નામેન્ટમાં સે-૨૧ ગણેશ મિત્ર મંડળની ટીમ વિજેતા

શહેર અને જિલ્લામાંથી કુલ ૮ ટીમોએ ભાગ લીધો હતો : મેચ દરમિયાન સમાજના અગ્રણીઓએ હાજરી આપી ભુદેવોને પ્રોત્સાહીત કર્યા

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં રહેતા કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા શ્રી સોમનાથ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી સે-૮ ખાતે બે દિવસીય ક્રીકેટ ટુર્નામેન્ટનુ નવતર આયોજન કરાયુ હતુ. જેમાં જિલ્લાની ૮ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગાંધીનગર ,માણસા ,પેથાપુર, અને દહેગામ વિસ્તારમાંથી સમાજના યુવા અગ્રણીઓએ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટના અંતે સે-૨૧ ગણેશ મિત્ર મંડળની ટીમ વિજેતા જાહેર થઈ હતી.

ગાંધીનગર જિલ્લામાં રહેતા કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા સોમનાથ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી સે-૮ સ્પોર્ટસ એકેડમીના મેદાનમાં કર્મકાંડી બ્રાહ્મણોની બે દિવસીય ક્રીકેટ ટુર્નામેન્ટનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. તા ૨૪ અને ૨૫ માર્ચના રોજ યોજાયેલી આ ટુર્નામેન્ટમાં જિલ્લાની ૮ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર શહેર , ગ્રામ્ય, પેથાપુર,માણસા અને દહેગામના ભુદેવોએ મેચમાં ભાગ લીધો હતો. સોમનાથ

ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ નવતર અને પ્રથમવાર આયોજિત ટુર્નામેન્ટમાં સે-૨૧ ગણેશ મિત્ર મંડળની આનંદ પ્રકાશ ટીમ વિજેતા બની હતી જયારે રોયલ ભુદેવ સેવા મંડળની ટીમ રનર્સ અપ રહી હતી. ક્રીકેટ ટુર્નામેન્ટ દરમિયાન વિજયસિંહ વાઘેલા , જયસિંહ વાઘેલાના હસ્તે વિજેતા ટીમને સન્માનિત કરવામાં આવી હતી. રમતવીરોને પ્રોત્સાહીત કરવા માટે સોમનાથ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અખિલેશ પુરોહીત અને મંત્રી પંકજ પંડયાએ આ ક્રિકેટ્ટુર્નામેન્ટનુ આયોજન કર્યુ હતુ.ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન બ્રહ્મ સમાજના અગ્રણી અને મહાનગર ભાજપના અધ્યક્ષ રૂચિર ભટ્ટ , બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ, આશિષ દવે, દિનેશ વ્યાસ, કેતન ઉપાધ્યાય, અશ્વિન ત્રિવેદી, કનૈયાલાલ પંડયા, ધવલ દવે સહીત ધર્મેન્દ્રસિંહ વાઘેલા, વિક્રમસિંહ ગોલ, અંબુસિંહ ગોલ, કેતન પટેલ , પ્રણવ પટેલ, સહીતના અગ્રણીઓએ હાજરી આપી હતી.

ખૂણેખાંચરેથી

- રાજ્ય ચૂંટણી પંચે આજે સતત બે કલાક જેટલા સમય સુધી મનપાની સામાન્ય ચૂંટણી અંગે સમીક્ષા કરી હતી.
- આજે મહિલા-બાળ વિકાસ વિભાગની વી.સી.માં ટેકનીકલ ક્ષતિને કારણે મંગળવાર પર ચર્ચાઓ મુલ્તવી રાખવામાં આવ્યાનું જાણવા મળેલ છે.
- કિસાન ક્રેડીટ કાર્ડ અને પશુપાલનને લઈ આજે એક ખાસ વિડીયો કોન્ફરન્સનું આયોજન કરાયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં ત્રણ દિવસના મીની વેકેશનનો માહોલ આજથી જ બજારોમાં જોવા મળ્યો હતો.
- ગાંધીનગર નાગરિક બેંકની ૪૬મી સાધારણ સભા રવિવારે વર્ચ્યુઅલ યોજાશે.
- ગાંધીનગર જિલ્લામાં ૨૭ થી ૩૧ માર્ચ સુધી મહત્તમ તાપમાન ૩૯ થી ૪૧ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૧-૨૩ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૬ થી ૫૬ ટકા વચ્ચે રહેશે જ્યારે પવનની સરેરાશ ગતિ ૧૦ થી ૧૬ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવનાઓ હવામાન પૂર્વાનુમાનમાં વ્યક્ત કરવામાં આવી છે.

૪૮ ખાનગી પ્રાથમિક શાળામાં માન્ય લાયકાત વગરના ૧૨૮ શિક્ષકો છે

બે વર્ષમાં જિલ્લામાં ગૌચર જમીનના વિકાસ માટે ખર્ચ થયો નથી
જિલ્લામાં બે સ્ત્રી આરોગ્ય નીરીક્ષકની જગ્યાઓ ખાલી છે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર તેના અંતિમ ચરણમાં પ્રવેશી ચુક્યુ છે. આજથી ત્રણ દિવસનું મીની વેકેશન સત્રમાં બીજીવાર આવ્યુ છે. હોળી-ધુળેટી અને ચોથા શનિવારની રજા છે. આ પછી બે દિવસ સત્રની બેઠકો ચાલશે.

વિધાનસભા ગૃહમાં આજે શિક્ષણ, આદિજાતિ વિકાસ વન મહિલા-બાળ કલ્યાણ, પંચાયત અને પર્યાવરણ વિભાગને લગતી પ્રશ્નોત્તરી

વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

હતી. પ્રશ્નોત્તરીના કાળ દરમ્યાન જોવા મળતી ઉત્તેજના આજે જોવા મળી ન હતી.

- **ગૌશાળાઓને સહાય**

રાધનપુરના કોંગી ધારાસભ્ય રઘુભાઈ દેસાઈએ ગાંધીનગર જિલ્લામાં ગૌશાળા-પાંજરાપોળને સહાય લઈ પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમો ગૌ-સંવર્ધન મંત્રીએ જણાવ્યુ છે કે રાજ્યમાં ગૌશાળા-પાંજરાપોળોને આંતર માળખાકીય સુવિધાઓ પુરી પાડવાની યોજના અમલમાં છે. છેલ્લા બે વર્ષમાં ૩ ગૌશાળા-પાંજરાપોળને સહાય ચુકવવામાં આવી છે. ૧-૧-૧૯ થી ૩૧-૧૨-૧૯ દરમ્યાન આ ૩ ગૌશાળા પાંજરાપોળને રૂ. ૮,૪૬,૧૩૩ની સહાય ચુકવવામાં આવી છે. ૨૦૨૦માં આવી સહાય ચુકવવામાં આવી નથી.

તેમણે જણાવ્યુ કે કલોલ પાંજરાપોળ મંડળને રૂ. ૩,૨૨,૫૦૦, સ્વામિનારાયણ ગૌશાળાને રૂ. ૩,૮૮,૫૭૭ અને માણસા ગૌશાળા ટ્રસ્ટને રૂ. ૧,૩૫,૦૫૬ ની સહાય ચુકવવામાં આવેલ છે.

- **સ્ત્રી આરોગ્ય નીરીક્ષકની ખાલી જગ્યા**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં સ્ત્રી આરોગ્ય નીરીક્ષકની ખાલી જગ્યા અંગે પુછેલા એલ લેખિત પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં સ્ત્રી આરોગ્ય નીરીક્ષકની હાલ બે જગ્યા ખાલી છે. કલોલ અને માણસા તાલુકામાં આ જગ્યા એક વર્ષથી ઓછા સમયથી ખાલી છે. આ જગ્યાઓ વહીવટીય અનુકૂળતા થતાં ભરી દેવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યુ છે.

- **પ્રા. શાળામાં આર.ઓ. પ્લાન્ટ**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ જિલ્લાની પ્રા. શાળાઓમાં ચોખ્ખા પીવાના પાણી માટે લગાવેલા આર.ઓ. પ્લાન્ટને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૬૨૨ સરકારી પ્રા. શાળાઓ છે. આ પૈકી ૬૦૬ શાળામાં આર.ઓ. પ્લાન્ટ લગાવવામાં આવેલ છે. તેમણે સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે આ શાળાઓ પ્લાન્ટ રિપેરીંગ માટે અમદાવાદની મે. આઈમા એન્જીનીયરીંગ કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષ એટલે ૨૦૧૮-૧૯માં આ કંપનીને આર.ઓ. પ્લાન્ટની મરામત માટે રૂ. ૧૫.૬૧ લાખ અને ૨૦૧૯-૨૦માં રૂ. ૭.૭૨ લાખ ચુકવવામાં આવેલ છે.

- **ગૌચર જમીનના વિકાસ માટે રકમ**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં ગૌચર જમીનના વિકાસ માટે કેટલી રકમની જોગવાઈ કરાઈ તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે આ રકમ જિલ્લાવાર જોગવાઈ કરાતી નથી રાજ્યને અનુલક્ષીને જોગવાઈ કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં ગૌચર જમીનના વિકાસ માટે કોઈ ખર્ચ છેલ્લા બે વર્ષમાં કરાયો નથી.

- **માન્ય લાયકાત વગરના શિક્ષકો**

મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે ગાંધીનગર જિલ્લાની કેટલી પ્રા. શાળામાં માન્ય લાયકાત વિના નિમણુંક પામેલા શિક્ષકો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લાની ૪૮ પ્રાથમિક શાળામાં ૧૨૮ શિક્ષકોની માન્ય લાયકાત વગર નિમણુંક કરાઈ છે. જે હાલ ફરજ બજાવી રહ્યા છે.

શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે આવા શિક્ષકોને છૂટા કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

ખેડૂત નેતા રાકેશ ટિકૈત ૪-૫ એપ્રિલે ગુજરાત આવશે

દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન મુદ્દે ગુજરાતમાંથી પણ નેતાઓનું સમર્થન મળતું જણાઈ રહ્યું છે. ખેડૂત આંદોલનના નેતા રાકેશ ટિકૈત ૪ અને ૫ એપ્રિલે બે દિવસના ગુજરાત પ્રવાસે આવશે.

રાકેશ ટિકૈતે જણાવ્યું હતું કે, અમે દેશભરમાં રેલીઓ કાઢીશું. ગુજરાત જઈ તેને આઝાદ કરાવીશું. ખેડૂત નેતા રાકેશ ટિકૈત ૪ અને ૫ એપ્રિલે બે દિવસના ગુજરાત પ્રવાસે આવશે અને બનાસકાંઠાના પ્રસિદ્ધ મંદિર અંબાજી દર્શન કરી પ્રવાસની શરૂઆત કરશે. બાદમાં પાલનપુરમાં ખેડૂત સંમેલન યોજાશે. સભા સંબોધન બાદ ટિકૈત ઊંઝા ઊમિયાધામમાં દર્શન કરશે અને ગાંધીનગરમાં રાત્રિ રોકાણ કરશે. બીજા દિવસે ૫ એપ્રિલે તેઓ ગાંધી આશ્રમની મુલાકાત લેશે. બપોરે કરમસદમાં સરદાર સ્મારકની મુલાકાત લેશે અને બારડોલીમાં ખેડૂત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આજે ચાંદખેડામાં અમદાવાદમાં ખેડૂત નેતા યુદ્ધવીર સિંહે પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને રાકેશ ટિકૈતના ગુજરાત પ્રવાસ અંગે વાત કરી રહ્યા હતા તે દરમિયાન જ પોલીસે ચાલુ પ્રેસ કોન્ફરન્સમાં ચાંદખેડા પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી. ચાંદખેડા પોલીસે યુદ્ધવીર સિંહ સહિતના ખેડૂત નેતાઓની અટકાયત કરી હતી.

આ પહેલા ખેડૂત નેતા રાકેશ ટિકૈતે ગુજરાતમાં પણ ખેડૂત આંદોલન શરૂ કરવાની ચીમકી ઉચ્ચારી હતી. દિલ્હીની સરહદો પર છેલ્લા બે મહિના કરતાં વધુ સમયથી ચાલી રહેલા ખેડૂત આંદોલનનો અંત નજીકમાં દેખાઈ રહ્યો નથી. ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે જણાવ્યું હતું કે, ખેડૂત આંદોલન ઓક્ટોબર મહિના સુધી પણ લંબાઈ શકે છે.

ગુજરાત જનતા જાગૃતિ મંચના નેજા હેઠળ કર્મચારીઓનું હલ્લાબોલ

ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પરંતુ ગાંધીનગર મનપાની ચુંટણી હોવાથી આચાર સંહિતા ને પગલે ધરણાને મંજુરી ન મળતા ગુજરાત જનતા જાગૃતિ મંચના પ્રમુખ રજનીકાંત ભારતીયની આગેવાનીમાં કોરોના વોરીયર્સે જુના સચિવાલય આવેલી આરોગ્ય કમિશનરની કચેરી ખાતે હલ્લાબોલ કરીને કોરોના વોરીયર્સને નોકરી પર પરત લેવા માટે માંગ કરી હતી. જયારે ૩૦૦ થી વધુ આઉટસોર્સિંગ કર્મચારીઓએ પોતાના પગારમાં એજન્સીઓ એ ગેરરિતી આચરી છે. ત્યારે સોંગદનામુ જમા કરાવી એજન્સીઓએ પણ ગેરરીતી આચરી છે. તેની સામે પણ કાર્યવાહી કરવા માટે માંગ કરી હતી. તો બીજીતરફ સરકારી કર્મચારીઓએ આગમી તા.૭ સુધીનો સમય માંગ્યો છે.

આજે હનુમાનજીનું નામ લઈને "આપ" ઉમેદવારોના નામ જાહેર કરશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકામાં પ્રથમવાર ઝંપલાવી રહેલી આમ આદમી પાર્ટી દ્વારા તા. ૨૭મી માર્ચે શનિવારના રોજ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આમ આદમી પાર્ટીમાં તાજેતરમાં કોંગ્રેસના પૂર્વ હોદ્દેદારો સહિત કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયાં છે જેઓ પૈકી આ યાદીમાં કેટલાંનો સમાવેશ થશે તે જાણવું રસપ્રદ બની રહેશે.

આ સાથે આપ દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરતાં પહેલા સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે જે આપ પાર્ટીના સરગાસણ ચાર રસ્તા પાસેના અટ્રિયા બીઝનેસ હબ ખાતેના કાર્યાલય પર યોજાશે. આ પ્રસંગે પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયા, ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરી સહિત હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સહિત ઉમેદવારી માટે તત્પર દાવેદારો ઉપસ્થિત રહેશે.

વોર્ડ-૭ ના વાવોલ-કોલવડામાં ટિકિટ માટે કશ્મકશ દાવેદારી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીઓનું બ્યૂગલ વાગી ચૂક્યું છે અને શહેરમાં અસંખ્ય 'ટિકિટવાંછું' દાવેદારો રેસમાં દોડતા થઈ ગયા છે. આ વખતે મહાનગરપાલિકાનો વ્યાપ વધ્યો છે જેમાં ૧૮ નવા ગામો ઉમેરાવા સાથે તેના ગ્રામ્ય-ગ્રામ્ય-અર્બન વિસ્તારોનો પણ સમાવેશ થવાથી ચૂંટણીના રાજકીય સમીકરણોમાં પરિવર્તન જોવા મળી રહ્યું છે. નવા સીમાંકન મુજબ ગાંધીનગર પાસેના વાવોલ અને કોલવડા તેના ગ્રામ્ય-અર્બન વિસ્તારોનો વોર્ડ નં. ૭ માં સમાવેશ થયો છે જેના પગલે આ વિસ્તારમાં હવે ચૂંટણીનો જંગ રોમાંચક બનવા પામી રહ્યો છે.

મોટેભાગે ક્ષત્રિય, ઠાકોર અને પટેલ મતદારોની પ્રભુતા ધરાવતા આ વોર્ડમાં બ્રાહ્મણ તથા ઓબીસી સમાજ સાથે લઘુમતી વર્ગના મતદારો પણ નોંધપાત્ર સંખ્યામાં જોવા મળતા આ વોર્ડમાં અગાઉ કોંગ્રેસનું વર્ચસ્વ જોવા મળતુ હતુ પરંતુ નવા ગ્રામ્ય-અર્બન વિસ્તારના વિકાસ અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જોવા મળેલા ભાજપના વાવોઝાડા સાથે આ સમીકરણ હવે બદલાઈ શકે છે. અત્યારે વોર્ડ નં. ૭ માં બાજપની વાત કરીએ તો કુલ ૩૪ દાવેદારોએ ટિકિટ માંગી છે જેમાં વાવોલના દાવેદારોની સંખ્યા વધુ જોવા મળી રહી છે. કુલ ૨૦ દાવેદારોએ વાવોલનું સરનામુ દર્શાવ્યુ છે તો અન્ય સરનામે રહેતા દાવેદારો પૈકી ૩ દાવેદારો મૂળ વાવોલના છે તે જોતાં વાવોલના ૨૩ દાવેદારો સ્પર્ધામાં છે જ્યારે ૯ ઉમેદવારો કોલવડાના છે. વોર્ડ નં. ૭ માં પ્રાપ્ત વિગતો અનુસાર ઠાકોર સમાજના ચારેક હજાર જેટલા અને ક્ષત્રિય સમાજના પણ લગભગ સરખી સંખ્યામાં જ મતદારો છે.

જ્યારે પાટીદાર મતદારો પણ સાડા ત્રણ હજાર અને બ્રાહ્મણ સમાજના લગભગ અઢી હજાર તેમજ ઓબીસી મતદારો પણ સારી એવી સંખ્યામાં હોવાનું અંદાજવામાં આવી રહ્યું છે જેની ચૂંટણીના ગણિત પર અસર પડી શકે છે. એક ધારણા મુજબ આ વોર્ડમાં કોઈ અનામત બેઠક ના હોવાથી બંને મુખ્ય રાજકીય પક્ષો દ્વારા બે ટિકિટ વાવોલને અને બે ટિકિટ કોલવડાના ઉમેદવારોને ફાળવવાની રણનીતિ જોવા મળશે જેમાં મોટે ભાગે ક્ષત્રિય, પાટીદાર અને ઠાકોર સમાજને પ્રતિનિધિત્વ મળશે તેવું જણાય છે. વોર્ડ નં. ૭ માં અન્ય રાજકીય પક્ષો પણ તેમના ઉમેદવારો મુકશે અને અપક્ષ ઉમેદવારો પણ ઉમેરાશે પરંતુ મુખ્ય જંગ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેશે.

કોંગ્રેસમાં નવા દાવેદારોનો ઉદય સાથે મજબૂત પક્કડ

કોંગ્રેસમાંથી આ વખતે વાવોલના વૈદેહી ગ્રુપના જાણીતા બિલ્ડર અને સામાજિક અગ્રણી દેવેન્દ્રસિંહ ગોલ ઉર્ફે દેવુભા મજબૂત દાવેદાર ગણાય છે તો તેમની સાથે કોલવડાના બિલ્ડર જીતેન્દ્રસિંહ ઈશ્વરસિંહ વાઘેલા, જીતેન્દ્રસિંહ રતનસિંહ વાઘેલા, એડવોકેટ સંજયસિંહ વાઘેલા, નવીનભાઈ પટેલ, રજનીભાઈ પટેલ અને યુથ કોંગ્રેસના મહામંત્રી તેમજ યુવા સામાજિક કાર્યકર રાજદીપસિંહ ગોલ ઉર્ફે રાજા પણ મેદાનમાં છે.

કોંગ્રેસના ઉમેદવારોમાં મોખરે ગણાતા ક્ષત્રિય સમાજના અગ્રણી દેવુભાએ વોર્ડ નં. ૭ માં અનેક સામાજિક કાર્યોમાં તેમનું આર્થિક યોગદાન આપ્યું છે જેમાં કોરોના મહામારીના જરૂરિયાતમંદોને અનાજ-કરિયાણાની કીટ વિતરણ, સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને વાંચન વ્યવસ્થા, સ્થાનિક યુવાનોને ક્રિકેટનું મેદાન, સ્કૂલમાં લાઈબ્રેરી, બ્રહ્માકુમારીઝ કેન્દ્ર માટે જમીન સાથે ધાર્મિક પ્રસંગોએ આર્થિક સહયોગ પુરો પાડીને પોતાનું એક સ્થાન ઉભુ કર્યુ છે.

કોલવડાના ક્ષત્રિય અગ્રણી જીતેન્દ્રસિંહ રતનસિંહ વાઘેલાનો વાવોલમાં વ્યવસાય હોવાને કારણે બંને ગામમાં વર્ચસ્વ ધરાવે છે જ્યારે યુવા દાવેદાર રાજદીપસિંહ ગોલ યુથ કોંગ્રેસમાં સક્રિય હોવા સાથે કોરોના કાળમાં વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે સંકળાઈને વૃદ્ધાશ્રમ તેમજ વિધવાઓને કીટ વિતરણની સેવા આપી પ્રસંશા પામી ચૂકેલા છે.

ભાજપમાં કાકા-ભત્રીજા સહિત મોટા માથાની ખેંચતાણ

વોર્ડ-૭ માં પૂર્વ તાલુકા સદસ્ય, પૂર્વ સરપંચ, પૂર્વ ડેપ્યુટી સરપંચ ઉપરાંત મનપાની સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન જેવા હોદ્દેદારો સહિતના ઉમેદવારો ટિકિટની રેસમાં છે. આ વોર્ડમાં ભાજપમાંથી વાવોલના પૂર્વ સરપંચ અને ગાંધીનગર રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ તેમના પત્ની ભાવનાબા ગોલ, મનપાના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન રાકેશભાઈ પટેલ, વાવોલના પૂર્વ સરપંચ કમલેશસિંહ અને તેમના પત્ની વસુબેન ગોલ, યુવા કાર્યકરો ઘનશ્યામસિંહ ગોલ અને તેમના પત્ની મેઘાબા ગોલ, શૈલેષભાઈ પટેલ, પ્રમલસિંહ ગોલ, રાજેન્દ્રસિંહ ગોલ, તરૂણા રોહિતકુમાર પટેલ, એડવોકેટ છાયાબેન ત્રિવેદી, અનિલસિંહ ગોલ, યુસુફભાઈ શેખ સહિતના અન્ય નામો સામેલ છે જ્યારે કોલવડાના ભરતસિંહ વાઘેલા, સોનલબા વાઘેલા, કિંજલબેન ઠાકોર, રાજેન્દ્રભાઈ પટેલ, ભરતસિંહ વાઘેલા, હમીરસિંહ વાઘેલા, સોનલબા વાઘેલા, જયપાલસિંહ વાઘેલા, હેતલબેન પટેલ જેવા ઉમેદવારો છે.

જ્યારે અન્ય ઉમેદવારોમાં કરશનભાઈ ચાવડા, પ્રગ્નેશકુમાર પટેલ, ભવાનજી ઠાકોર, શિક્ષક સુરેશભાઈ ચૌધરી, છાયાબેન કચરાજી ગોલ, વિપુલકુમાર રાવળ, વિશાલજી ઠાકોર, મનીષકુમાર ત્રિવેદી જેવા નામો પણ છે. ક્ષત્રિય દાવેદાર વિક્રમસિંહ ગોલે સરપંચ તરીકે કરેલા વિકાસના કામો, કોઈપણ સમાજના આર્થિક નબળા વ્યક્તિને મદદરૂપ થવા સાથે તમામ વર્ગના ધાર્મિક પ્રસંગોએ અને રાજપૂત સમાજમાં તેમનું યોગદાન આપીને નામના મેળવી છે તો તેમના ભત્રીજા ઘનશ્યામસિંહ ગોલ કેબલ નેટવર્કના વ્યવસાયને કારણે ગામ અને સોસાયટી વિસ્તારમાં પણ ડોર-ટુ ડોર સંપર્ક ધરાવે છે અને તેમના પત્ની મેઘાબાએ ગ્રામ પંચાયતના સદસ્ય તરીકે પોતાના વિસ્તારમાં કરેલા કાર્યોને કારણે ટિકિટ મેળવવા આત્મવિશ્વાસુ છે તો બીજી તરફ પાટીદાર દાવેદારોમાં પુર્વ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન અને પુર્વ સરપંચ રાકેશ પટેલ બિલ્ડર હોવા સાથે ભાજપમાં વર્ષોથી કાર્યરત છે. તરૂણા રોહિતકુમાર પટેલ પણ ભાજપના જૂના કાર્યકર હોવા સાથે વાવોલના જય અંબે ગ્રુપમાં સક્રિય છે જ્યારે શૈલેષભાઈ પટેલ પણ ભાજપના અગ્રણી પાટીદાર નેતા હોવા સાથે સ્વામી વિવેકાનંદ સમિતિના નેજા હેઠળ કોરોના કાળમાં સતત કાર્યરત રહ્યા છે.

જાહેર સૂચના

આથી જાહેર કરવામાં આવે છે કે ગુજરાત ના સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટલ ઈમ્પેકટ એસેસમેન્ટ ઓથોરિટી દ્વારા ૧૪/૦૯/૨૦૦૬ પર્યાવરણ અસર સમીક્ષા અધિનિયમ અંતર્ગત અમો **મહેશભાઈ કનુભાઈ પટેલ** ને સર્વે નં.૧૫, એફ.પી. નં.૧૨, ટી.પી. સ્કીમ ૨૬, (વાસણા હડમતિયા ઉવારસદ વાવોલ); વાસણા - હડમતિયા, ગાંધીનગર મુકામે બાંધકામ પરિયોજના **"શિવાંશ ૧૫"** માટે પર્યાવરણ મંજુરી આપવામાં આવેલ છે. અમોને જારી કરવામાં આવેલ મંજુરી પત્ર ક્રમાંક: SEIAA/GUJ/EC/8(a)/332/2021 ની નકલ અમારી પાસે, સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટલ ઈમ્પેકટ એસેસમેન્ટ ઓથોરિટી પાસે અને સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટલ ઈમ્પેકટ એસેસમેન્ટ ઓથોરિટીની વેબસાઈટ www.seiaa.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

મહેશભાઈ કનુભાઈ પટેલ
તારીખ : ૨૬/૦૩/૨૦૨૧
સ્થળ : ગાંધીનગર